**<u>ક્રિમિનલ અપીલ નં.૪૬૪/૨૦૨૫</u>**

**-:: <u>આંકઃ૧ લગત હુકમ</u> ::-**

(૧) એપેલેન્ટે હાલની અપીલ આણંદના વિ. બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ ક્રિમિનલ કેસ નં.૨૬૩૪/૨૦૨૫ ના કામે તેઓની વિરૂદ્ધ તારીખઃ ૨૯-૦૯-૨૦૨૫ ના રોજ આપેલ ચુકાદાથી નારાજ થઈ કરેલી છે, પરંતુ આ કામે બંને પક્ષકારોએ સંયુક્ત રીતે આજરોજ આંકઃ ૨૫ થી પુરસીસ આપી તેઓને સદર કામે સમાધાન થઈ ગયેલ હોઈ અને ફરિયાદવાળા ચેક પેટેના તમામ નાણાં એપેલન્ટે રીસ્પોન્ડન્ટને આપી દીધેલા હોઈ બંને પક્ષકારો વચ્ચે હવે કોઈ તકરાર રહેતી નથી જેથી એપેલન્ટ વિરૂદ્ધ કરેલ સજાનો હુકમ રદ કરવામાં આવે તો રીસ્પોન્ડન્ટને કોઈ પ્રકારનો વાંધો વિરોધ નથી તેવું જાહેર કરેલ છે.

(૨) બંને પક્ષકારોની રજૂઆતો સાથે હાલની અપીલ તથા પક્ષકારોની આંકઃ ૨૫ થી રજૂ સમાધાન પુરસીસ વંચાણે લીધી. ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના પ્રબંધો ધ્યાને લેતાં, સદર એકટમાં થયેલ સુધારા મુજબ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ- ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સમાધાનપાત્ર ગુનો ગણવામાં આવેલો છે. જો અપીલ અદાલત સમક્ષ પણ સમાધાન થાય તો પણ સમાધાન અન્વયે અપીલનું પરિણામ લાવી શકાય છે. હાલની આ પ્રસ્તુત અપીલના કામે એપેલેન્ટે મૂળ ફરિયાદી સાથે સમાધાન કરેલું છે અને તે સમાધાન આ અપીલના કામે રજૂ થયેલ છે અને પક્ષકારો વચ્ચે ચેકની રકમ બાબતે સમાધાન થયેલ છે અને સમાધાનમાં નક્કી થયેલ રકમ એપેલેન્ટે મુળ ફરિયાદી- રીસ્પોન્ડન્ટ નં.૧ ને ચુકવી આપેલ છે તેથી એપેલેન્ટનો આશય અપીલના તબકકે પણ નાણાં ચુકવીને સમાધાન કરવાનો હોય તેવું જણાય છે. ઉપરાંત મૂળ ફરિયાદી પણ સમાધાન કરવા તૈયાર થયેલા છે અને સમાધાન મુજબના નાણાં એપેલેન્ટે અપીલના તબકકે ચુકવી આપેલા છે અને તે નાણાં મળતા રીસ્પોન્ડન્ટે સમાધાન સ્વીકારેલ છે. તથા પક્ષકારોને સમાધાન પુરસીસ વાંચી, સંભળાવતા, સમાધાન સ્વેચ્છાએ કબૂલ, મંજૂર હોવાનું જણાવેલ છે જે ધ્યાને લેતાં, સમાધાન રેકર્ડ કરી, યોગ્ય હુકમ કરવો ન્યાયોચિત જણાય છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-: <u>આખરી હુકમ</u> :-**

(૧) પક્ષકારોની આંકઃ ૨૫ ની સમાધાન પુરસીસ આધારે સદર અપીલ સમાધાનથી ફેંસલ કરી, આણંદના વિ. બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીએ

ક્રિમિનલ કેસ નં.૨૬૩૪/૨૦૨૫ ના કામે તા.૨૯–૦૯–૨૦૨૫ ના રોજ એપેલેન્ટને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ફરમાવેલ સજા તથા વળતરનો કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે અને એપેલેન્ટ (મુળ આરોપીને) આ ગુના સબબ છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આ ચુકાદાની એક પ્રમાણિત નકલ સાથે ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ ટ્રાયલ કોર્ટમાં મોકલી આપવું.

(૩) હુકમ મુજબની જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૦૭ માહેઃ ઑગષ્ટ સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

આણંદ.

તારીખઃ ૦૭–૦૮–૨૦૨૬.

**(સંજય લવજીભાઈ ઠક્કર)**
સત્ર ન્યાયાધીશ
આણંદ.
(UIDCODE–GJ00588)